વાંસદા ખડકાળા સર્કલ નજીક સ્ટ્રીટલાઈટનો અભાવ, વાહન ચાલકોને અકસ્માતનું જોખમ

સર્કલ પાસે અવાર-નવાર અકસ્માત સર્જાતા રહ્યાં હોવા છતાં તંત્ર દ્વારા કોઈપણ પ્રકારનું ધ્યાન અપાતું નથી

ભાસ્કર ન્યૂઝ | ઉનાઈ

વાપી-શામળાજી હાઈવે પર વાંસદા-ઉનાઈની વચ્ચે આવેલા ખડકાળા સર્કલ પર રાત્રિ દરમિયાન સર્કલ વચ્ચે સ્ટ્રીટ લાઈટના અભાવે અનેકવાર વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ સમસ્યાને કારણે અગાઉ સર્કલ પાસે લોડિંગ ટ્રકો પલટી હોવાનું તેમજ ચોમાસા દરમિયાન વાહનો ડિવાઈડર પર ચડી ગયા હોવાના બનાવો બન્યા હોવાનું પણ જાણવા મળ્યું છે. જોકે વર્ષોથી આ સમસ્યાનું સમાધાન થયું નથી, જેના કારણે અનેક વાહનચાલકોને રાત્રિ દરમિયાન ખડકાળા સર્કલ પાસે વાહન હંકારવામાં અકસ્માત થવાનું જોખમ સતાવી રહ્યું છે.

ઉનાઈથી વાંસદા તરફ જતો વાપી-શામળાજી હાઈવે તેમજ ખડકાળાથી ચીખલી જતો સ્ટેટ હાઈવે આ સર્કલના ત્રણ રસ્તા જોખમકારક સાબિત થઈ રહ્યા છે. પૂરપાટ ઝડપે આવતી કાર રાત્રિ દરમિયાન સ્ટ્રીટ લાઈટના અભાવને કારણે અકસ્માત નોતરે તો નવાઈ નથી. જોકે હાલમાં કોરોના બાદ કેસો કાબૂમાં હોય લોકડાઉન બાદ અનેક લોકો દિવાળીની રજા માણવા જતા હોય છે. હાલ દિવાળીનો તહેવાર નજીક હોય જેથી અનેક સહેલાણીઓ હરવા ફરવા આવતા હોય છે, જેને પગલે વાપી-શામળાજી હાઈવે 24 કલાક કાર્યરત હાઈવે હોય 24 કલાક લોડિંગ વાહનોની અવરજવર થતી હોય છે તેમજ દિવાળી વેકેશનમાં સાપુતારા, શિરડી અનેક લોકોનું ફેવરિટ સ્થળ છે, જે આ રસ્તેથી સહેલાણીઓ અવરજવર કરતા હોય છે. વળી ખડકાળા રોડ પર જાનકીવન પણ આવેલું છે જે સહેલાણીઓનું પસંદગીનું સ્થળ હોય દિવાળીમાં વાહનોની મોટાપાયે અવરજવર થતી હોય છે. જો તંત્ર દ્વારા સમસ્યાનું નિવારણ કરવામાં આવે તો અકસ્માતો અટકાવી શકાય તેમ છે, જેથી ખડકાળા સર્કલ બાબતે તંત્ર દ્વારા યોગ્ય નિરાકરણ કરી યુદ્ધના ધોરણે સમસ્યાનું નિરાકરણ કરવામાં આવે એવી લોકમાંગ ઉઠી છે.

મોટા અકસ્માતની સર્જાયેલી ભીતિ

આ સમસ્યા વર્ષો જૂની છે જેનું યોગ્ય નિરાકરણ થવું જોઈએ. જેના કારણે ભૂતકાળમાં અનેક અકસ્માતો થયા હોય રાત્રિ દરમિયાન લોડિંગ ટ્રકો પણ પલટી હોય તેમજ સર્કલની આસપાસ દુકાનો આવેલી હોય જેથી રાત્રી દરમિયાન સ્ટ્રીટ લાઈટના અભાવે મોટા અકસ્માતો થવાની ભીતિ સેવાઈ રહી છે. **»કનુભાઈ પટેલ,** સ્થાનિક, ખડકાળા

યોગ્ય નિરાકરણ થાય એ જરૂરી

દર વર્ષે અમે પરિવાર સાથે દિવાળીની રજામાં જાનકીવન તેમજ સાપુતારા સહેલગાહે જતા હોય છે. રિટર્ન આવતા ખડકાળા હાઈવે પર સ્ટ્રીટ લાઈટના અભાવને કારણે અનેકવાર અકસ્માતનો ભોગ બનતા રહી ગયા હતા. આ સમસ્યા ખુબજ ગંભીર હોય યોગ્ય નિરાકરણ થાય એ જરૂરી છે. **»દિનેશભાઈ પટેલ,** પ્રવાસી, સુરત

ઘર બંધ કરી જનારાઓને ગણદેવી પોલીસની તાકીદ

દિવાળી વેકેશનમાં ફરવા જનારાઓની ઘરની જવાબદારી હવે પોલીસને શિરે

ચોરી અટકાવવા પોલીસ બંધ ઘરનું પેટ્રોલિંગથી ધ્યાન રાખશે

ભાસ્કર ન્યૂઝ | ગણદેવી

આગામી દિવાળીના તહેવારોને અનુલક્ષીને ગણદેવી પોલીસ દ્વારા ગણદેવીના નગરજનો માટે વિશેષ સૂચનાઓ જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ ગણદેવીના પીએસઆઇ સાગર આહીર અને ગણદેવી શહેર પોલીસ સ્ટાફ દ્વારા ટાઉન પોલીસ દ્વારા કેટલીક વિશેષ સૂચનો જાહેર કરવામાં આવી છે. એ મુજબ ગણદેવીના નગરજનો આગામી દિવાળીના તહેવારો અને વેકેશન દરમિયાન જો સદંતર બંધ કરીને તાળા મારીને બહાર જવાના હોય તો તેની અગાઉથી સૂચના ગણદેવી ટાઉન પોલીસને કે ગણદેવી પોલીસે જાણ કરીને જવાની વિનંતી કરવામાં આવી છે. જેથી ગણદેવી પોલીસ તેના રાત્રિના રાઉન્ડ દરમિયાન આવા ઘરોને વિશેષ નિગરાની રાખી શકે અને વેકેશન દરમિયાન બનતા ઘરફોડ ચોરીના બનાવો અને અન્ય બનાવો અટકાવી શકાય. ગણદેવી નગરપાલિકા પ્રમુખ-ઉપપ્રમુખ કારોબારી સમિતિના અધ્યક્ષ અને ચીફ ઓફિસરે પણ આ બાબતે સૌને સહકાર આપવા વિનંતી કરી છે. ગણદેવી પોલીસ દ્વારા નગરના ખૂણે ખૂણે ગોઠવાયેલા સીસીટીવી કેમેરા ચોવીસે કલાક નિગરાની રાખી રહ્યા છે અને એનું સીધું મોનિટરીંગ ગણદેવી પોલીસ સ્ટેશનમાં કરાઈ રહ્યું છે. જેથી હવે ઘરફોડ ચોરી કે આવા અન્ય ગુનાહિત બનાવો તુરંત શોધી કાઢવાની ક્ષમતા પણ ગણદેવી પોલીસે હાંસલ કરી લીધી છે. નગરની વિવિધ સેવાકીય સંસ્થાઓ પર આ અભિયાનમાં ગણદેવી પોલીસ સાથે જોડાઇ હોય આ રીતના બનાવો પર સખત ચાંપતી નજર રખાઈ રહી હોવાનું પણ જણાવવામાં આવે છે. પીએસઆઇ સાગરભાઇ આહીર અને એમની પોલીસ ટીમ આ માટે ખૂબ જ સજાગ છે. અત્રે ઉલ્લેખનીય છે કે નવસારી જિલ્લામાં વેકેશન દ્વારા અવાર નવાર બંધ ઘરોને ટારગેટ કરી ચોર ઈસમો ચોરીને અંજામ આપતા હોવાની ઘટના પ્રકાશમાં આવે છે. ત્યારે પોલીસે ચાલુ વર્ષે પાણી પહેલા પાળ બાંધી દીધી છે.

ગણદેવીના યુવાનને અદાવત રાખી નવસારીના 4 યુવાને માર માર્યો

રેતીની લીઝ મળતા મળવા બોલાવી અચાનક હુમલો કર્યો

ભાસ્કર ન્યૂઝ | નવસારી

ગણદેવીમાં રહેતા ભાવેશ અશોકભાઈ ઓડ (રહે. ગોકુલધામ સોસાયટી, ગણદેવી) એ પોલીસ મથકે ફરિયાદ આપતા જણાવ્યું કે તેઓ રેતી અને માટીનો ધંધો કરે છે. તેમની કંપનીને છીત્રા ગામ સેવાસન તા.મહુવામાં ચેકડેમના ઉપરવાસમાં ખનીજ જેવા કે માટી-રેતી કાઢવા માટે સિંચાઈ વિભાગ તાપી પાસેથી પરવાનગી મળી હતી. આ પરમિશન લેવા નવસારીમાં રેતીનો ધંધો કરતા ભુપેન્દ્ર ઓડ (રહે. સિંધી કેમ્પ નવસારી) પણ પ્રયત્ન કરતો હોય 23મીએ ભુપેન્દ્ર ઓડને ફોન કર્યો હતો. તેમણે જણાવ્યું કે હું આ લીઝ માટે પ્રયત્ન કરતો હતો. તમે લીધી તે સારું નહીં કહેવાય તેમ જણાવીને મોબાઈલ ઉપર ગાળાગાળી કરતા હતા ત્યારબાદ તેમના કાકા દલપત ઓડે આ બાબતે મિટીંગ કરવા બોલાવ્યો હતો અને દેસાડ ગામ પાસે વાત કરવા બોલાવ્યા હતા. નવસારીના ભુપેન્દ્રભાઇ ઓડ, દલપતભાઇ ઓડ, રાકેશ ઉર્ફે મુન્નો ઓડ, રાજેશભાઇ ઓડ (તમામ રહે. સિંધી કેમ્પ, નવસારી)એ આવીને આ લીઝમાંથી ભાવેશ ઓડને ભાગ આપવા જણાવ્યું હતું. જોકે ભાવેશે ના પાડતા આવેશમાં આવી ભુપેન્દ્ર ઓડ અને તેમના 3 સાગરીતોએ ગાળાગાળી કરી લાકડીઓ વડે ભાવેશ ઓડ અને તેમના મિત્રોને માર માર્યો હતો. આ બાબતે ભાવેશ ઓડે ફરિયાદ આપતા પીએસઆઈ કે.એમ વસાવા તપાસ કરી રહ્યા છે. પોલીસે તમામ આરોપીની અટક કરી હોવાની માહિતી મળી છે.

નવસારીના પત્રકારને મારવાની ઘટનામાં પણ સામેલ

નવસારીના બંદર રોડ પર ગેરકાયદેસર રેતી કાઢતા લોકોના ફોટા પાડતી વેળાએ એક પત્રકારને ઘેરીને માર માર્યો હોવાની ઘટનામાં આજ ગેંગનો હાથ હોવાની માહિતી મળી છે. એક આરોપી પર હત્યા કેસ ચાલતો હોવાની માહિતી પણ મળી છે.

ચેક રિર્ટન કેસોમાં આરોપીનિર્દોષ

નવસારી | નવસરીના છાપરારોડ પર રહેતા કાશીરામ હીરદાસ પટેલ દ્વારા વિજલપોરનાં જીતેન્દ્ર પટેલ સામે નાણાંકીય લેતી દેતી અંગે જુદા-જુદા-કેસોમાં કોર્ટ સમક્ષ કેટલીક શરતો સાથે સમાધાન કરાવી ચેક મેળવી લીધા હતા. કાશીરામ પટેલ દ્વારા કોર્ટમાં થયેલા સમાધાનની શરતોનું પાલન નહીં કરતાં આરોપી જીતેન્દ્ર પટેલે વકીલ મારફતે નોટીસ આપી ચેક નહીં નાંખવા જણાવવા છતાં કાશીરામે જુદા જુદા સમયે કુલ પાંચ ચેક બેંકમાં નાંખ્યા હતા. જેને શરતો ભંગ કરાયેલી હોવાથી જીતેન્દ્ર પટેલે ચેક પાસ નહીં કરાવતાં ચેક રિર્ટન થયા હતા. આ રિર્ટન થયેલા ચેકો અંગે કાશીરામ પટેલ દ્વારા પાંચ જુદા જુદા કેસો કોર્ટમાં કર્યા હતા. જેમાં આરોપી તરફે વકીલ શૈલેષ સાવલીયા અને ધર્મેશ એલ.પરમારે રજૂઆત કરાઈ હતી. કોર્ટ બન્ને પક્ષની દલીલો સાંભળી આરોપીને પાંચેય કેસમાં નિર્દોષ છોડી મૂકયા હતા.

નવસારીમાં દિવાળીની રોનક જામી, ઘર સુશોભનની વસ્તુઓનું વેચાણ શરૂ



નવસારી શહેરમાં દિવાળીનો પર્વ નજીક હોય ઘર સુશોભનની વસ્તુઓ ઠેરઠેર વેચાઇ રહી છે. ત્યારે નવસારીના જૂનાથાણા પાસે આવેલ એક ઘરમાં માટીના દીવડાઓ, રંગોળી, નાઇટ લેમ્પ સહિત દિવાળીના પર્વે ઘરમાં સુશોભન કરાતી વસ્તુઓ એક જ સ્થળે મળી રહી છે. ત્યારે નાના વેપારીઓને પણ દિવાળી ટાણે રોજગાર મળી રહે અને તેમને આવક મળે તે માટે નવસારીમાં ઠેરઠેર દિવાળીની વસ્તુઓનું વેચાણ થઇ રહ્યું છે.

વલસાડમાં પ્રભારી મંત્રી અને ચૂંટાયેલા સભ્યો સાથે સુવિધાના કામો મુદ્દે બેઠક

પ્રજાને સ્પર્શતા પ્રશ્નો અને કામોને પ્રાધાન્ય આપવા મંત્રીની તાકીદ

ભાસ્કર ન્યૂઝ | વલસાડ

વલસાડ સર્કીટ હાઉસ ખાતે આદિજાતિ વિકાસ, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી, તેમજ વલસાડ જીલ્લા પ્રભારી મંત્રી નરેશભાઈ પટેલની અધ્યક્ષતામાં જિલ્લા સંગઠન તેમજ જિલ્લા,તાલુકા,નગરપાલીકા ચૂંટાયેલા સભ્યો સાથે મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રભારી મંત્રી દ્વારા પ્રજાને સ્પર્શતા કામો વહેલા પૂર્ણ કરવા જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું આ તબક્કે જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા,જિલ્લા મહામંત્રીઓ મહેન્દ્ર ચૌધરી,કમલેશ પટેલ, વલસાડના ધારાસભ્ય ભરતભાઇ પટેલ,ધરમપુરના ધારાસભ્ય અરવિંદ પટેલ,જિ. પં.ના પ્રમુખ અલકાબેન શાહ,જિલ્લા ભાજપ ઉપપ્રમુખ નિખિલ ચોકસી,જીગીતસાબેન પટેલ,જીતેશ પટેલ, કોષાઅધ્યક્ષ રાજેશ ભાનુશાલી,તા.પં.પ્રમુખ કમલેશસિંહ ઠાકોર,વલસાડપાલિકા પ્રમુખ કિન્નરી પટેલ, જિલ્લા, તાલુકા પંચાયત, નગરપાલીકા, હોદેદારો સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

નવસારીના વિવાદીત આર્કિટેકને બ્લેકલીસ્ટ કરવા માગ કરાઈ

ભાસ્કર ન્યૂઝ | નવસારી

નવસારીના અબુલ હસન અબ્દુલ સમદ શેખ રહે, હાઝત એપાર્ટમેન્ટ ખાટકીવાડે નવસારી વિજલપોર પાલિકાના ચીફ ઓફિસરને ઉદ્દેશીને ફાતેમાં એપાર્ટમેન્ટ બનાવનાર વિવાદીત આર્કિટેક્ટને બ્લેક લિસ્ટ કરવા માંગ કરતું આવેદનપત્ર આપ્યું હતું. આવેદનપત્રમાં જણાવ્યું હતું કે દસ્તુરવાડ ખાતે આવેલ ફાતેમા એપાર્ટમેન્ટ બનાવનાર આસીફ નામના આર્કિટેક્ટ દ્વારા ડિઝાઇન બનાવવામાં આવી હતી. તેમણે બાંધકામ સ્થળ ઉપર જઈને ચેક કરવાની જવાબદારી પણ આવે છે. પરંતુ બાંધકામ બરાબર થાય છે કે કેમ તે ચેક કર્યુ ન હતું તેમજ ગલીની અંદરમાં 4 માળનું મકાન બાંધ્યું હતું. તેની મજબૂતાઈ જળવાઈ રહે તેવું ધ્યાન રાખેલું ન હતું. જેના કારણે ફાતેમા એપાર્ટમેન્ટના રહીશોએ ઘર વિહોણા થવાનો વારો આવ્યું છે. ફાતેમા એપાર્ટમેન્ટની નબળી ડિઝાઈન બનાવીને બિલ્ડરોને ફાયદો કરાવવા માટે હલકી કક્ષાનું મટીરીયલ વાપરી બિલ્ડરોને ફાયદો કરાવી ફ્લેટ ધારકોને ઘર વિહોણા કરનાર આસીફ નામના આર્કિટેક્ટને લાઈસન્સ રદ કરવા જણાવ્યું હતું.

દિવાળી સમયે દારૂની રેલમછેલ ન થાય તે માટે પોલીસ મક્કમ

બોરીયાચ ટોલનાકેથી સુરત જતી કારમાંથી દારૂ ઝબ્બે, 1ની અટક

પોલીસે દારૂ ભરાવનાર અને પહોંચાડનાર 2 ને વોન્ટેડ જાહેર કર્યા

ભાસ્કર ન્યૂઝ | નવસારી

નવસારી એલસીબીએ બોરીયાચ ટોલનાકા પાસેથી સુરત તરફ જતી કારમાં છૂપાવેલી સારા બ્રાન્ડની દારૂની 42 બાટલી કિંમત રૂ.36 હજાર મળી આવતા એકની અટક કરી હતી.

આગામી દિવાળી તહેવારમાં વિદેશી દારૂની રેલમછેલ નહીં થાય તે માટે નવસારી જિલ્લામાં પ્રોહિબિશનના ગુના અટકાવવા તેમજ શોધી કાઢવા પોલીસ અધિક્ષક ઋષિકેશ ઉપાધ્યાયે નવસારી એલસીબી પીઆઈ વી.એસ પલાસને જરૂરી સૂચના આપી હતી. જે અન્વયે એલસીબીનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે હે.કો.મિલનભાઇ મનસુખભાઇ તથા પો.કો. અનિલભાઇ રમેશભાઈને મળેલી બાતમીના આધારે ને.હા.નં-48 બોરીયાચ ટોલનાકા પાસે રોડ પર બાતમીવાળી કાર (નં. MH-01-BG-3516) આવતા તેમાં તપાસ કરતા પાછળની સીટ નીચે બનાવેલ ચોરખાનામાંથી વિદેશી દારૂની 42 બોટલ કિંમત રૂ. 36 હજાર મળી આવ્યો હતો. પોલીસે ચાલક મોહમદ અબ્દુલ કાદિર મુલતાની (રહે. દમણ, મૂળ વાપી)ની અટક કરી પૂછપરછ દરમિયાન આ વિદેશી દારૂ સંદીપ નામના યુવાને પાલઘરથી ભરાવી આપ્યો અને અયપ્પા ચોકડીમાં પહોંચાડવા હોવાનું જણાવ્યું હતું. પોલીસે બેને ફરાર જાહેર કર્યા હતા. દિવાળીના સમયે ને.હા.48 પર થતી દારૂની હેરાફેરી અટકાવવા માટે ગ્રામ્ય પોલીસ અને એલસીબી સ્ટાફ દ્વારા કડક ચેકીંગ કરવામાં આવી રહ્યું છે.

બીલીમોરા કોલેજના છાત્રની ચેલેન્જર ટ્રોફીમાં પસંદગી

બીલીમોરા | બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત વી.એસ.પટેલ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ- બી.બી.એ. બીલીમોરામાં એસ.વાય. બીબીએ. સેલ્ફ-ફાયનાન્સમં અભ્યાસ કરતો વિદ્યાર્થી યશ હરીશભાઇ ટંડેલ કોચ જયેશ માર્ગદર્શન હેઠળ ગુજરાત ક્રિકેટ એસોસિએશન (GCA) માંથી ઈન્ડિયા ચેલેન્જર ટ્રોફી અંડર-19માં સિલેક્ટ થયો છે. અભ્યાસની સાથે સાથે ક્રિકેટમાં આ વિશિષ્ટ સિદ્ધિ મેળવવા બદલ કોલેજના ઈનચાર્જ આચાર્ય ડો. એ.આર. બજાજ, વાઇસ પ્રિ. ડી.બી. પટેલ, ડો. બી.એચ. દેવતા, બી. બી.એ. વિભાગના અધ્યક્ષ પ્રા. દર્શન દેસાઇ, કો-ઓર્ડીનેટર ડો. કૃણાલ ભાવસાર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ભરત અમીન, મંડળના મંત્રી જસ્મિનભાઇ દેસાઇ તથા કોલેજના સ્ટાફ પરિવાર દ્વારા વિદ્યાર્થિની શુભકામના પાઠવી હતી.

ટોકિયો પ્લાસ્ટ ઇન્ટરનેશનલ લિમિટેડ
રજી. ઓફિસઃ પ્લોટ નં. 363/1 (1, 2, 3), શ્રી ગણેશ ઈન્ડસ્ટ્રીયલી એસ્ટેટ, કાંચી ગામ રોડ, દમણ, દમણ અને દીવ-396210
CIN: L25209DD1992PLC009784
વેબસાઈટઃ www.tokyoplastint.in
ટેલિ. : +91-22-61453300,
ફેક્સઃ +91-22-66914499

નોટીસ

સેબીના નિયમન 47ને નિયમન 29 સાથે વંચાણે લઈને (જવાબદારી અને જાહેર કરવાની જરૂરિયાતની યાદી) નિયમો 2015થી નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે, 30 સપ્ટેમ્બર, 2021 ના અંતે કંપનીના પૂરા થતા ત્રિમાસિક અને અર્ધવાર્ષિક અનઓડિટેડ નાણાકીય પરિણામને માન્ય કરી બહાલી આપવા કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટરોની મીટીંગ 12 નવેમ્બર, 2021ના રોજ યોજાશે.
વધુ વિગતો માટે રોકાણકારો મુલાકાત લો- કંપનીની વેબસાઈટ www.tokyoplastint.in અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com, અને www.nseindia.com
સ્થળઃ મુંબઈ,
તા.23/10/2021

બોર્ડના આદેશ અનુસાર
સહી/-
હરેશ વી. શાહ, ડાયરેક્ટર
DIN: 00008339

ટોકિયો ફાયનાન્સ લિમિટેડ
રજી. ઓફિસઃ પ્લોટ નં. 363/1 (1, 2, 3), શ્રી ગણેશ ઈન્ડસ્ટ્રીયલી એસ્ટેટ, કાંચી ગામ રોડ, દમણ, દમણ અને દીવ-396210
CIN: L65923DD1994PLC009783
વેબસાઈટઃ www.tokyofinance.in
ટેલિ. : +91-22-61453300,
ફેક્સઃ +91-22-66914499

નોટીસ

સેબીના નિયમન 47ને નિયમન 29 સાથે વંચાણે લઈને (જવાબદારી અને જાહેર કરવાની જરૂરિયાતની યાદી) નિયમો 2015થી નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે, 30 સપ્ટેમ્બર, 2021 ના અંતે કંપનીના પૂરા થતા ત્રિમાસિક અને અર્ધવાર્ષિક અનઓડિટેડ નાણાકીય પરિણામને માન્ય કરી બહાલી આપવા કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટરોની મીટીંગ 12 નવેમ્બર, 2021 ના રોજ યોજાશે.
વધુ વિગતો માટે રોકાણકારો મુલાકાત લો- કંપનીની વેબસાઈટ www.tokyofinance.in અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com
સ્થળઃ મુંબઈ
તા.23/10/2021

બોર્ડના આદેશ અનુસાર
સહી/-
હરેશ વી. શાહ, ડાયરેક્ટર
DIN: 00008339

PUBLIC NOTICE

Notice is hereby given that **M/s Rashi Agro Industries Private Limited** intend to availed financial facilities from **KOTAK MAHINDRA BANK LTD.** against the immovable property being N.A. land bearing **Survey No. 31/3/Part/10**, admeasuring 00 **Hec. 60 Are 40 Square Meters**, along with construction thereon having constructed area admeasuring **2500.00 Square Meters**, situated at Village- Palgam, Taluka- Umbergaon, District- Valsad, Gujarat State and has informed that following documents as described in schedule herein underwritten has been lost/misplaced by him If any person's or any Bank or financial institution having any charge, lien, right, title or interests over the above said property should informed the undersigned address with the relevant documentary evidence in persons within **7 (Seven) days** from the publication of this notice failing which the title of the above said property will be presumed to be clear and marketable and my client will get executed the registered mortgage/equitable mortgage in respect of the above said property in their favour.

SCHEDULE OF LOST DOCUMENTS

1. Original Registered **Sale Deed No. 47/1982** dated **20/01/1982** along with **Registration fee Receipt and Index– II** in favour of Mahavir H. Verma and Pradeep Dattotray Pipuntkar and Ashok Kantilal Shah.
2. Original **Registration fee Receipt** of Registered Sale Deed No. **428/1989 dated 18.02.1989.**
3. Original **Registration fee Receipt** of Registered Sale Deed No. **2438/2001 dated 03.10.2001.**

119, 120, 121 C. B. DESAI CHAMBERS,
GUNJAN, G.I.D.C., VAPI
MOB. 9825665910

DILIP V. SHARMA
ADVOCATE

ત્રીજી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

સ્વ. સરોજબેન
દયાળભાઈ પટેલ
સ્વ. તા. 26-10-2018

સદ્ ગતને સ્મૃતિ પુષ્પ અર્પણ
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એજ અમારી પ્રાર્થના.

લિ.
દયાળભાઈ નાગરજી પટેલ (પતિ)
સંદિપ દયાળભાઈ પટેલ (પુત્ર) - પલક સંદિપ પટેલ (પુત્રવધુ)
આશિષ દયાળભાઈ પટેલ (પુત્ર)- ગ્રીષ્મા આશિષ પટેલ (પુત્રવધુ)
સીયુન પરભુભાઈ પટેલ (જમાઈ) - ચેતના સીયુન પટેલ (પુત્રી)
નીલ, વિહાન, વેદાંત તથા સમસ્ત પરિવાર
સ્થળઃ મુ. ડુંગરી (આમરણિયા ફળિયા), ઉદવાડા (આર.એસ.), તા. પારડી, જિ. વલસાડ

સાતમી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

સ્વ.કિશોરભાઈ
બી. કિનીઆરા
સ્વ.તા.૨૬-૧૦-૨૦૧૪

થાક ઘણો હતો ચહેરા પર પણ અમારી ખુશી માટે અનહદ પરિશ્રમ કરતા જોયા છે. આંખોમાં ઉંઘ હતી છતા પણ, ચિંતામાં જાગતા જોયા છે. તકલીફો ચારે બાજુથી હતી પણ, હિંમત હાર્યા વગર એકલા હાથે લડતા જોયા છે. કોઈને તકલીફ વર્ણવતા ન હતા, પણ અડધી રાતે ખુલી આંખે, અમારા ભવિષ્યના સપના સજાવતા જોયા છે. પાઈ પાઈ ભેગી કરી અમારી ખુશી ખરીદતા જોયા છે એ ખુશી માટે પોતાના સમણાઓને રોળતા જોયા છે. પોતાની પસંદગીને નાપસંદ કરી, અમારી પસંદગીને આપનાવતા જોયા છે. વ્યક્તિ એક હતા, પણ વિશેષતાઓ અનેક હતી, પિતા સ્વરૂપે સર્જનહારને જોયા છે. અમારા પ્રેમાળ પિતાને કિનીઆરા પરિવારના શત શત નમન..

લિ. કંચનબેન કિશોરભાઇ કિનીઆરા
રોહન કે. કિનીઆરા(પુત્ર) અંજના રોહન કિનીઆરા(પુત્રવધુ)
હરિન કે. કિનીઆરા(પુત્ર) મીનલ હરિન કિનીઆરા(પુત્રવધુ)
કેતનકુમાર એન. ભંડારી(જમાઇ) ખ્યાતિ કે. ભંડારી(દિકરી)
દેવવ રોહન કિનીઆરા(પૌત્ર) ધારવી રોહન કિનીઆરા(પૌત્રી)
કુશાંગ કેતનકુમાર ભંડારી(દોહિત્ર) જાન્વી કેતનકુમાર ભંડારી(દોહીત્રી)
અક્ષ હરિનકુમાર કિનીઆરા(પૌત્ર)
સ્થળઃ- સાંઈપાર્ક, કોટલાવ, તા.પારડી, જી.વલસાડ.

સ્થાવર મીલ્કતના વેચાણ/ટ્રાન્સફર અંગે વાંધા મંગાવતી જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીશ રૂએ લાગતા વળગતા તમામને જણાવવામાં આવે છે કે : નીચેના "શીડ્યુલ" માં જણાવેલ મીલ્કત સરકારી રેકર્ડ દફતરે કાયદેસરના સ્વતંત્ર માલીક અને કબજેદાર તરીકે **રણજીતરાય ભુલાભાઈ દેસાઈ** રહે. દેસાઈવાડ, જુની હવેલીની પાછળ, હનુમાન મંદિર રોડ, વાપી, તા. વાપી, જી. વલસાડના પરંતુ હાલે 9280E, Corrine Dr. Scottsdale, AZ 85260, U.S.A. ના નામ ઉપર ચાલી આવેલ છે.

નીચે વર્ણવેલ મીલ્કતનું ટાઈટલ સંપૂર્ણપણે કલીયર અને માર્કેટેબલ હોવાનું જણાવી સદર મીલ્કતના ઉપરોક્ત માલીકે હમારા અસીલને વેચાણ/ટ્રાન્સફરથી તબદીલ કરવાનું નક્કી કરેલ છે.

જેથી નીચેની મીલ્કત અંગે કોઈનો કોઈપણ પ્રકારને લાગ, ભાગ, દર દાવો, હક્ક હીસ્સો કે અન્ય પ્રકારના પ્રત્યક્ષ કે પરોક્ષ હક્ક દાવાઓ હોય, તેવા ઈસમે આ નોટીસ પ્રસીધ્ધ થયે દિન-07 (સાત) માં હમારો યોગ્ય લેખીત અને કાયદેસરના પુરાવાઓ સાથે સંપર્ક કરવો (કાયદેસરના અને લેખિત પુરાવાઓ વગરનો વાંધો ગ્રાહય રાખવામાં આવશે નહી.) અને ઉપયુક્ત સમય મર્યાદા દરમ્યાન કાંઈ વાંધાઓ મળી આવશે નહી તો, તેવે વખતે હમારે માનવાનું રહેશે કે, જે તે ઈસમોએ તેમના કાયદેસરના પ્રત્યક્ષ તેમજ પરોક્ષ હક્ક દાવાઓ હમારા અસીલની તરફેણમાં સરેન્ડર યાને ત્યજી દીધેલા છે. ત્યારબાદ હમારા અસીલ સદર મીલ્કતનો કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સદર મીલ્કતના ઉપરોક્ત માલીક પાસેથી કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી. જેની આ નોટીશ રૂએ લાગતા વળગતાઓએ નોંધ લેવી.

વેચાણ/ટ્રાન્સફર કરવા નક્કી કરેલ મીલ્કતનું વર્ણન

વલસાડ ડીસ્ટ્રીક્ટના સબ ડીસ્ટ્રીક્ટ વાપી તાલુકાનાં મોજે ચલા ગામે, વાપી નગરપાલીકાની હદમાં આવેલ ખાતા નં. 2565 થી ખેતીની નીચેના વર્ણનવાળી મીલ્કત...

પ્રમોલગેશન થયા બાદનો નવો સર્વે નંબર	પ્રમોલગેશન થયા બાદનું ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.માં)	જુનો સર્વે નંબર	આકાર (રૂા.)
2248	00-52-43	304/2+3+4/પૈકી2	0.00

ના ક્ષેત્રફળવાળી જુની શરતની ખેતીની જમીન યાને કે **5243.00 ચો.મી.** ના ક્ષેત્રફળવાળી ખેતીની જમીન તથા તેને લગતા, લાગતા, વળગતા તમામ પ્રકારના હક્કો સહીત,

સરનામું:
12, કેમ્પસ કોર્નર, હોટલ ફોરચ્યુન ગેલેક્ષી પાસે,
નગરશેઠ ચેમ્બર સામે, કોપરલી રોડ,
જી.આઈ.ડી.સી. વાપી-396 195.
મોબાઈલ નંબર : 098251 42758
e-mail no. shaileshadv111@yahoo.com

લી.
સહિ/-
શૈલેષ એન. મહેતા
(એડવોકેટ એન્ડ નોટરી)